**વિકાસના નામે વિનાશ ? | રોડ બનાવવા જતા ગટર અને પાણીની લાઈનો તોડી નખાઈ**

# અગરવામાં કોન્ટ્રાક્ટરોની બેદરકારીથી સાત સોથી વધુ લોકોનું જીવવું દુષ્કર!

**પંદર દિવસથી** ગ્રામજનો પાણી માટે વલખાં મારે છે, ગંદકીને લીધે રોગચાળાનો ફફડાટ



(પ્રતિનિધિ) ડાકોર તા.૧

ઠાસરા તાલુકાના અગરવા ગામમાં વિકાસના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચાર અને ઘોર બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. માર્ગ અને મકાન વિભાગ તેમજ ગ્રામ પંચાયતના કોન્ટ્રાક્ટરોની અણઆવડતને કારણે સમગ્ર ગામ હાલ નરકાગારમાં ફેરવાયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. વિકાસના કામોમાં ગુણવત્તાના નામે મીંડું હોવાથી અને લેવલિંગ વગરની કામગીરીને કારણે ૭૦૦થી વધુની વસ્તી ધરાવતા આ વિસ્તારના લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઠાસરા તાલુકાના અગરવા ગામમાં પ્રવેશતા જ માર્ગ અને મકાન વિભાગના કોન્ટ્રાક્ટર દ્વારા રોડ ખોદવાની કામગીરી દરમિયાન મુખ્ય ગટર લાઈનો તોડી પાડવામાં આવી છે. બીજી તરફ, ગામના પાછળના ભાગમાં ગ્રામ પંચાયતના કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવેલું ગટરનું કામ પણ તદ્દન હલકી ગુણવત્તાનું હોવાની ફરિયાદ ઉઠી છે. આ કામગીરી દરમિયાન પીવાના પાણીની લાઈનો પણ તોડી નાખવામાં આવતા છેલ્લા ૧૫ દિવસથી ગ્રામજનો પાણીના એક-એક ટીપા માટે તરસી રહ્યા છે.

અગરવા ગામમાં કોન્ટ્રાક્ટરોએ તોડેલી ગટર લાઈનોને કારણે ગંદા પાણી રોડ પર ફરી વળ્યા છે. આ ગંદકીના કારણે સ્થાનિકોમાં માંદગીનું પ્રમાણ વધ્યું છે અને અનેક લોકો હાલ દવાખાનામાં સારવાર લઈ રહ્યા છે. ગ્રામજનોની માંગ છે કે આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક મુલાકાત લે અને પરિસ્થિતિ વણસે તે પહેલા પગલાં ભરે.

**રીપેરીંગ કરાશે , તંત્રનો બચાવ**

'અમે રૂબરૂ તપાસ કરી છે. લાઈનો માર્ગ-મકાન વિભાગના કોન્ટ્રાક્ટર દ્વારા તૂટી છે, જે પંચાયત દ્વારા રિપેર કરવામાં આવશે. નવી ગટરની લાઇન રોડ બન્યા બાદ લેવલમાં આવી જશે. હાલમાં કોઈ પણ બિલ ચૂકવવામાં આવ્યું નથી.' **- વનરાજસિંહ, મદદનીશ એન્જીનીયર, તાલુકા પંચાયત, ઠાસરા.**

# આણંદસ્થિત કૃષિ યુનિવર્સિટી દેશની સર્વશ્રેષ્ઠ સંસ્થામાં ૧૩ મા ક્રમે આવી

**પશ્ચિમ** ભારતમાં પણ પ્રથમ ક્રમે રહી



(પ્રતિનિધિ) આણંદ તા.૧

ગુજરાતની પ્રતિષ્ઠિત આણંદ કૃષિ યુનિવર્સિટીએ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે વધુ એક સીમાચિહ્ન પ્રસ્થાપિત કર્યું છે. તાજેતરમાં જાહેર થયેલ આઈઆઈઆરએફ (ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક) ઈન્ડિયા રેન્કિંગ ૨૦૨૬ માં દેશની સર્વશ્રેષ્ઠ કૃષિ અને બાગાયત યુનિવર્સિટીઓમાં આણંદ કૃષિ યુનિવર્સિટીએ 13મો ક્રમ પ્રાપ્ત કરીને સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

આ રેન્કિંગની વિશેષતા એ છે કે પશ્ચિમ ભારતની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં આણંદ કૃષિ યુનિવર્સિટીએ સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિએ ગુજરાતના કૃષિ શિક્ષણને રાષ્ટ્રીય સ્તરે એક નવી અને મજબૂત ઓળખ અપાવી છે.

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ખેડૂત, ગામડું અને શિક્ષણના સમન્વયથી જે સમૃદ્ધ ભારતનું સ્વપ્ન જોયું હતું, તેને સાકાર કરવામાં આણંદ કૃષિ યુનિવર્સિટી મહત્વનું યોગદાન આપી રહી છે. યુનિવર્સિટીના કુલપતિ ડો. એન. આઈ. શાહે આ સિદ્ધિ બદલ વૈજ્ઞાનિકો, અધ્યાપકો અને વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા છે.

**ક્યા માપદંડોને આધારે મળ્યું રેન્કિંગ?**

ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક દ્વારા આ મૂલ્યાંકન માત્ર શૈક્ષણિક ગુણવત્તા જ નહીં, પરંતુ સંશોધન, રોજગારક્ષમતા, ઉદ્યોગ સાથેના સંબંધો, નવીનતા, સ્ટાર્ટઅપ અને ઇન્ક્યુબેશન, સામાજિક પ્રભાવ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ જેવા વ્યાપક માપદંડોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું હતું.

# કપડવંજ-ભાણાવત નાઈટ બસ સેવા પુનઃ શરૂ કરવા ઉગ્ર માંગ

**છેલ્લા ૨૦** વર્ષથી ચાલતી બસ બંધ કરાતા વિદ્યાર્થીઓ અને વેપારીઓમાં રોષ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧

કપડવંજ એસ.ટી. ડેપો દ્વારા છેલ્લા બે દાયકાથી કાર્યરત કપડવંજ-ભાણાવત નાઈટ બસ સેવા કોઈપણ પૂર્વ જાણ વગર અચાનક બંધ કરી દેવામાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કપડવંજથી ભાણાવત સુધીની નાઈટ બસ સેવા છેલ્લા ૨૦ વર્ષથી આ વિસ્તારના લોકો માટે જીવાદોરી સમાન હતી. આ સેવા બંધ થવાને કારણે સવારે વહેલા શાળા-કોલેજ જતા વિદ્યાર્થીઓ અને ધંધા-રોજગાર અર્થે કપડવંજ આવતા વેપારીઓનો મહત્વનો લાભ છીનવાઈ ગયો છે.

આ મામલે એસ.ટી. ડેપો મેનેજર કલ્યાણનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ દ્વારા ડીઝલ બચાવવાની ઝુંબેશ અંતર્ગત આ નિર્ણય લેવાની ફરજ પડી હતી. જોકે, તેમણે આશ્વાસન આપતા ઉમેર્યું હતું કે હવે તબક્કાવાર તમામ ગ્રામ્ય વિસ્તારોમાં નાઈટ બસની સુવિધા ફરી શરૂ કરવામાં આવશે અને ટૂંક સમયમાં જ કપડવંજ-ભાણાવત રૂટની બસ પણ કાર્યરત કરી દેવામાં આવશે.

બીજી તરફ, ભગવાનજીના મુવાડાના સરપંચ મધુબેન વિઠ્ઠલદાસ પટેલ દ્વારા પણ એસ.ટી. સત્તાવાળાઓને લેખિત રજૂઆત કરી ગ્રામજનોના હિતમાં આ બસ સેવા સત્વરે શરૂ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

**કાળઝાળ ગરમીમાં રાહત મેળવવા ૨૦૦ જેટલા લોકો ઉંડા પાણીમાં ઉતરતા જાહેરનામાના ધજાગરા**

# લુણાવાડામાં મહી નદીના વહેણમાં પ્રતિબંધ છતાં લોકો ન્હાવા પડ્યાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડામાં મહીસાગર બ્રિજ પાસે હાલમાં અત્યંત ચિંતાજનક દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ચાલુ ઉનાળાની કાળઝાળ ગરમીથી બચવા માટે દરરોજ આશરે ૧૫૦ થી ૨૦૦ જેટલા લોકો કોઈ પણ જાતના ડર વગર નદીના વહેતા પાણીમાં ન્હાવા માટે ઉતરી રહ્યા છે. ખાસ કરીને રવિવાર અને રજાના દિવસોમાં આ સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળે છે, જે વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે સવાલ ઉભા કરે છે.



મહિસાગર કલેક્ટર દ્વારા નદીના ઊંડા પાણીમાં ન્હાવા પડવા અંગે પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હોવા છતાં, લોકો દ્વારા તેનો સરેઆમ ભંગ કરવામાં આવી રહ્યો છે. નદીના કેટલાક વિસ્તારો ખૂબ જ ઊંડા અને પથરાળ હોવાથી અગાઉ પણ અહીં અનેક લોકો ડૂબી જવાથી જીવ ગુમાવી ચૂક્યા છે. તેમ છતાં, કોઈ પણ પ્રકારના સુપરવિઝન કે સુરક્ષા ગાર્ડ વિના યુવાનો અને બાળકો જોખમી રીતે નદીમાં ઉતરીને મોટી દુર્ઘટનાને ખુલ્લું આમંત્રણ આપી રહ્યા છે.

મહિસાગર નદી કિનારે અને બ્રિજની આસપાસ અંદાજે ૬૦ જેટલી ફોર-વ્હીલર ગાડીઓ આડેધડ પાર્ક કરવામાં આવે છે, જેના કારણે ટ્રાફિકની સમસ્યા પણ વિકટ બની છે. સ્થાનિક નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને તેઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે, "શું તંત્ર કોઈ મોટી હોનારત થાય તેની રાહ જોઈ રહ્યું છે ? લોકોમાં એવી પ્રબળ માંગ ઉઠી છે કે નદી કિનારે તાત્કાલિક પોલીસ બંદોબસ્ત ગોઠવીને જાહેરનામાનો ભંગ કરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે. હવે જોવાનું એ રહ્યું કે જવાબદાર અધિકારીઓ આ ગંભીર સ્થિતિની નોંધ લઈને ક્યારે સક્રિય બને છે.

# નડિયાદમાં ઠપકાથી નારાજ થઈ સગીરાએ ઘર છોડ્યું

**પોલીસે સીસીટીવી** અને ટેકનિકલ સોર્સથી ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

નડિયાદમાં અભ્યાસ બાબતે માતા-પિતાના ઠપકાથી માઠું લાગી આવતા કોઈને કહ્યા વગર ઘરેથી નીકળી ગયેલી ૧૪ વર્ષીય સગીરાને નડિયાદ ટાઉન પોલીસે ગણતરીના કલાકોમાં પીજ ગામેથી શોધી કાઢી હતી.

નડિયાદ શહેરમાં રહેતા પરિવારમાં ગત ૩૧મી મે ૨૦૨૬ના રોજ અભ્યાસ બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. જેમાં વાલી દ્વારા ૧૪ વર્ષની દીકરીને ભણવા માટે ઠપકો આપવામાં આવતા તેને માઠું લાગી આવ્યું હતું અને તે કોઈને પણ જાણ કર્યા વગર ઘરેથી ચાલી નીકળી હતી. દીકરીની લાંબી શોધખોળ બાદ પણ પત્તો ન લાગતા ચિંતાતુર પરિવારે નડિયાદ ટાઉન પોલીસ મથકે જાણ કરી હતી.

નડિયાદ ટાઉન પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. શહેરના મુખ્ય માર્ગોના સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સોર્સના આધારે પોલીસને કડી મળી હતી કે સગીરા પીજ ગામ તરફ ગઈ છે. આ બાતમીના આધારે પોલીસે પીજ ગામે સઘન તપાસ કરી ગણતરીના સમયમાં જ બાળકીને સુરક્ષિત રીતે શોધી કાઢી હતી. સગીરાએ પોલીસ પૂછપરછમાં ડર અને ગુસ્સાને કારણે આ પગલું ભર્યું હોવાની કબૂલાત કરી હતી.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### કઠલાલ ખાતે પીટીસીના સહાધ્યાયી મિત્રોનું ૨૮ વર્ષ બાદ અનોખું સ્નેહમિલન યોજાયું



**કઠલાલ |** કઠલાલના બુનિયાદી અધ્યાપન તાલીમ કેન્દ્રના 30 જેટલા જૂના મિત્રો ૨૮ વર્ષના લાંબા અંતરાલ બાદ ફરી એક છત્ર નીચે ભાવુક વાતાવરણમાં એકત્ર થયા હતા. આ કાર્યક્રમની શરૂઆત સ્વર્ગસ્થ મિત્રોને શ્રદ્ધાંજલિ અર્પીને કરવામાં આવી હતી, ત્યારબાદ સૌએ પોતાના ૨૮ વર્ષના વ્યવસાયિક અને પારિવારિક અનુભવો વાગોળ્યા હતા. દિલીપભાઈ અને ભવાનસિંહના સુંદર વ્યવસ્થાપન હેઠળ રઘુભાઈ ભરવાડે તમામ મિત્રોને સ્મૃતિ ભેટ તરીકે કલમ અર્પણ કરી હતી. આ સમૂહ ભોજન અને યાદગાર તસ્વીરો સાથે સૌ મિત્રોએ આ દિવસને પોતાના જીવનનો 'સુવર્ણ દિવસ' ગણાવી ફરી મળવાનો નિર્ધાર કર્યો હતો.

### આણંદની જેએમ પટેલ આર્ટ્સ કોલેજના 3 વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ઝળક્યા

**આણંદ |** આણંદની જે. એમ. પટેલ આર્ટ્સ કોલેજના બીએ (BA) ના ત્રણ વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટીના ટોપ-10માં મેદાન માર્યું છે. જેમાં ઇકોનોમિક્સ વિભાગમાં પ્રિયાન્સી આઈ. રાઉલજી 4થા ક્રમે, ઇતિહાસ વિભાગમાં દર્શન એચ. રાઠવા 8મા ક્રમે અને પોલિટિકલ સાયન્સ વિભાગના જયશ્રી એમ. ગોહેલ 10મા ક્રમે આવ્યાં હતાં. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થાના પ્રમુખ બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ), વાઈસ પ્રેસિડેન્ટ અને સીઇઓ ડો. પાર્થ બી. પટેલ, સેક્રેટરી અને રજિસ્ટ્રાર ડો. ઈશિતાબેન પી. પટેલ, એડમીન વિભાગના ડો. યુગ્માબેન પટેલએ તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.

E-mail : gujmitraanand@gmail.com

મો. 99784 40509

નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.

E-mail : gujmitranadiad@gmail.com

### આણંદ શહેરની પી.એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટના બીબીએના વિદ્યાર્થી યુનિ.ના પરિણામમાં ઝળક્યા



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જાહેર કરેલા બીબીએના પરિણામોમાં પી.એમ. પટેલ ઇન્સ્ટ્યુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશનના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. જેમાં તેજલ યોગેશકુમાર રાણાએ બીબીએના છઠ્ઠા સેમેસ્ટરમાં યુનિવર્સિટીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ક્રિશ્નાબેન એ. રાણા 3જા ક્રમે, જય એ. પટેલ અને મીત એન. ભાવાણી 10મા ક્રમે આવ્યા છે. યુનિ.ની 4થા સેમેસ્ટરની પરીક્ષામાં દિયા વી. ચૌહાણ 5મા ક્રમે, પ્રિયમ એસ. યાદવ 7મા ક્રમે અને પ્રગ્નેશ જી. પટેલ 10મા ક્રમે સ્થાન પામ્યા છે.

### આણંદ શહેરની સેન્ટ સ્ટીફન કોલેજની વિદ્યાર્થિની યુનિવર્સિટીના ટોપ-૧૦માં ઝળકી

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ બી.બી.એ. સેમેસ્ટર-૨ના પરિણામમાં સેન્ટ સ્ટીફન કોલેજ, આણંદની વિદ્યાર્થીનીએ ઉમદા પ્રદર્શન કર્યું છે. કોલેજની પ્રથમ વર્ષની વિદ્યાર્થીની પરિતા મોગરીયાએ ૮.૬૪ GPA મેળવી યુનિવર્સિટીના પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓમાં સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું નામ રોશન કર્યું છે. આ ભવ્ય સિદ્ધિ બદલ સંસ્થાના ચેરમેન વોલેશ ક્રિશ્ચિયન અને કેમ્પસ ડાયરેક્ટર જતીન પઢિયારે વિદ્યાર્થીનીને વિશેષ અભિનંદન પાઠવ્યા છે. આ કોલેજના આચાર્ય ડો. અવની દવે અને સમગ્ર સ્ટાફ પરિવારે પણ આ તેજસ્વી સફળતાને બિરદાવી વિદ્યાર્થીનીના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી છે.



### આણંદની સેન્ટ સ્ટીફન કોલેજના બીબીએના વિદ્યાર્થી યુનિ.ના ટોપ-૧૦માં આવ્યાં

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જાહેર કરાયેલ બી.બી.એ. સેમેસ્ટર-૪ ના પરિણામમાં આણંદની સેન્ટ સ્ટીફન કોલેજની વિદ્યાર્થીની ગ્લોરિયા મેકવાને ૯.૧૮ GPA સાથે યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. આ શૈક્ષણિક વર્ષમાં કોલેજના કુલ ૯ તેજસ્વી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ-૧૦ માં સ્થાન મેળવી સંસ્થાનું નામ રોશન કર્યું છે. ટોપ-૧૦ માં સ્થાન મેળવનાર અન્ય વિદ્યાર્થીઓમાં કૃષિકા પઢીયાર, પ્રીતમ નાગ, નેશરીન મલેક, આરતી સરોજ, દીપ પાવરા, પિંકલ મેકવાન, રાજદીપ વાઘેલા અને રુષાન વસોલાનો સમાવેશ થાય છે. આ ઝળહળતી સફળતા બદલ સંસ્થાના ચેરમેન વોલેશ ક્રિશ્ચિયન, ડાયરેક્ટર જતીન પઢીયાર અને આચાર્ય ડો. અવની દવેએ તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.



### મહેળાવ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર દ્વારા કેશવ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઇ

**આણંદ |** ન્યુ વિદ્યાનગર ખાતે મહેળાવ સ્વામિનારાયણ મંદિર અંતર્ગત કેશવ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કુલ ૮ યુવા ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શુદ્ધચરીતદાસ સ્વામી અને મંગલયોગીદાસ સ્વામીના હસ્તે ઉદઘાટન બાદ રમાયેલ આ સ્પર્ધામાં પોરડા યુવા મંડળની ટીમ વિજેતા જાહેર થઈ હતી. જીનલભાઈ પટેલના સંચાલન હેઠળ સફળતાપૂર્વક સંપન્ન થયેલ આ આયોજન દ્વારા યુવાનોમાં રમતગમત અને એકતાની ભાવના મજબૂત બની હતી.



### મોરડ અને સંજાયામાં સરકારી હાઈસ્કૂલ મંજૂર થતાં મંત્રીનું સન્માન કરાયું

**પેટલાદ |** પેટલાદના મોરડ અને સંજાયા ગામના વિદ્યાર્થીઓની અવરજવરની સમસ્યા નિવારવા રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલની ભલામણથી શિક્ષણ વિભાગે નવી સરકારી હાઈસ્કૂલની મંજૂરી આપી છે. આ મંજૂરી મળતા બંને ગામના આગેવાનોએ રાજકીય મતભેદ ભૂલી મંત્રીશ્રીના કાર્યાલયે જઈ તેમનું પુષ્પહાર અને સાલ ઓઢાડી ભાવભેર અભિવાદન કર્યું હતું. મંત્રીએ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે કરેલી અસરકારક રજૂઆતના પરિણામે આ મહત્વનો શૈક્ષણિક પ્રશ્ન ઉકેલાયો છે. મોરડના સરપંચ અને સંજાયાના સભ્યોના સંકલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામજનોએ સરકારનો આભાર માન્યો હતો.



### ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકેડમીના સમર કેમ્પનો પૂર્ણાહુતિ અને ચિત્ર પ્રદર્શન યોજાયું



**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત એકેડમી દ્વારા આયોજિત સમર કેમ્પમાં ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓએ નિષ્ણાતો પાસેથી વિવિધ કળાઓની તાલીમ મેળવી હતી. આ કેમ્પના સમાપન પ્રસંગે આકર્ષક ચિત્ર પ્રદર્શન અને સાંસ્કૃતિક રજૂઆતો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની સર્જનાત્મક પ્રતિભા લોકો સમક્ષ પ્રદર્શિત કરી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન મહેશભાઈ (કેમ્પસ ડિરેક્ટર) તથા સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કન્વીનર નિખિલભાઈ પટેલે બાળકોની કલાને બિરદાવી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રિન્સીપાલ સંજય સુથારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું હેમાંગીની ગોહેલ અને ઈશા પોકર દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

### મહીસાગર કલેક્ટરની અધ્યક્ષતામાં 'મિશન શક્તિ' યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ




**લુણાવાડા |** મહીસાગર કલેક્ટર અર્પિત સાગરની અધ્યક્ષતામાં મહિલા સુરક્ષા માટેની 'મિશન શક્તિ' યોજનાની કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આ બેઠકમાં '૧૮૧' અભયમ હેલ્પલાઇન, સખી વન સ્ટોપ સેન્ટર અને પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેન્ટર દ્વારા અપાતી સેવાઓનું નિરીક્ષણ કરાયું હતું. જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં 'બેટી બચાવો બેટી પઢાઓ', આત્મરક્ષણ તાલીમ અને સાયબર સુરક્ષા જેવા જાગૃતિ કાર્યક્રમોની ચર્ચા થઈ હતી. ગ્રામ્ય સ્તર સુધી પોસ્કો એક્ટના અમલીકરણ અને મહિલાલક્ષી યોજનાઓની કામગીરી અંગે અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

### આણંદના બાકરોલમાં પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે રાજ્ય સ્તરીય જુડો ટ્રેનિંગ કેમ્પનો ભવ્ય પ્રારંભ




**આણંદ |** સેતુ ટ્રસ્ટ, બ્લાઇન્ડ સ્પોર્ટ્સ એસોસિએશન અને સરદાર પટેલ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે બાકરોલ સ્થિત યુવી સંકુલ ખાતે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમ કેમ્પમાં ગુજરાતભરમાંથી ૪૦ થી વધારે પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે, જેમને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના નિષ્ણાત કોચ દ્વારા માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે નારાયણ ફાઇનાન્સ પરિવારના સભ્યો અને સેતુ ટ્રસ્ટના સ્થાપક સુધાબેન પટેલ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતાં.

### આણંદની ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિ. ઓફ પી.જી. સ્ટડીઝના ૧૧ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ઝળક્યાં

**આણંદ |** ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ભીખાભાઈ પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પી.જી. સ્ટડીઝના અનુસ્નાતક વિભાગના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. એપ્રિલ ૨૦૨૬માં લેવાયેલી એમ.એ. ગુજરાતી સેમેસ્ટર-૪ની પરીક્ષામાં કોલેજે ૧૦૦% પરિણામ પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિમાં વિશેષ બાબત એ છે કે, સંસ્થાના કુલ ૧૧ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના ટોપ ટેનમાં સ્થાન મેળવ્યું છે. આ અભૂતપૂર્વ સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનકુમાર પી. પટેલ (કે.ડી. સર), ડેપ્યુટી ચેરમેન વિનોદભાઈ પરમાર, કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલ અને પ્રિન્સિપાલ ડો. ભગવાનસિંહ સોલંકી સહિત સમગ્ર કોલેજ પરિવારે વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.